## સમાચારો સંક્ષિપ્તમાં

### શિશુવિહાર સંસ્થામાં નેત્રયજ્ઞ યોજાશે

શિશુવિહાર સંસ્થા આયોજીત સ્વ.જગજીવનદાસ શીવલાલ પરિખની સ્મૃતિમાં દિલીપભાઇ પરિખના સૌજન્યથી થી તા.૨૬ શુક્રવારના સવારે ૯ થી ૧૧ શિશુવિહારમાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાશે.જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર તથા શિવાનંદ આઇ હોસ્પીટલ વિરનગરના સહયોગથી યોજાનાર આ યજ્ઞમાં વિનામૂલ્યે આંખ તપાસ કરી આંખના ડ્રોપ્સ અપાશે તથા મોતીયાના ઓપરેશન કરી નેત્રમણી મુકી અપાશે. ઉપરાંત ચશ્માના નંબર કાઢી ઓપરેશનવાળાને ચશ્મા અપાશે. વહેલા તે પહેલાના ધોરણે ૨૦૦ નામ નોંધવાના હોય જેને આંખ તપાસ કરાવવી હોય તેણે સવારે ૯ કલાકે શિશુવિહારમાં રેશનકાર્ડ, ચુંટણીકાર્ડની ઝેરોક્ષ સાથે હાજર રહેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

### મંગલ ચેરી.ટ્રસ્ટ દ્વારા સમુહ લગ્નનું આયોજન

મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સદગૃહસ્થોના સહયોગથી તથા પૂ.મહામંડલેશ્વર ૧૦૦૮ સ્વરૂપાનંદ સરસ્વતીજીની ઉપસ્થિતિમાં આગામી તા.૨૫-૧૧-૧૮ને કારતક વદ ત્રીજને રવિવારે આર્થિક જરૂરીયાત મંદ શિક્ષીત તથા સંસ્કારી કુટુંબોની કન્યાઓના સમુહ લગ્નનુ આયોજન કરવામાં આવેલ છે. સમુહ લગ્નના ફોર્મ ભરવા અંગેની છેલ્લી તા.૧૫-૧૦-૧૮ રાખવામાં આવેલ છે. સોમથી શનિ સવારે ૧૦ થી ૧૨ એલઆઇજી ૨૪ સોમનાથ મંદીર પાસે આનંદનગર ભાવનગર ખાતે ભરવામાં આવશે. જેનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

### પટેલ જ્ઞાતીના લગ્નોત્સુક યુવક-યુવતિનો પસંદગી મેળો યોજાશે

ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદાર-પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક યુવતિઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહીતી જેવી કે નામ, જન્મ તારીખ, અભ્યાસ, ઉંચાઇ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો નંબર, મોસાળ પક્ષ વગેરેની જરૂરી માહીતી વિનામૂલ્યે મળશે.

આ મિલન કાર્યક્રમમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ વાળા ઉમેદવાર તમામ ભાગ લઇ શકશે. સગપણ બાકી હોય, રસ ધરાવતા યુવક યુવતિએ તાજેતનો ફોટો, બાયોટેડા સાથે તા.૩૧ ઓકટોબર સુધીમાં સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ સુધીમાં પટેલ સમાજ કાર્યાલય ૧૫ કોપર આર્કેડ વિશ્વેશ્વર મંદીર સામે મવડી પ્લોટ મેઇન રોડ રાજકોટ મો.૯૯૨૪૦૨૩૩૪૪ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યુ છે.

### આજે મણકા ઘસાવા,દબાવા રોગોનુ નિદાન કરાશે

સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ હોસ્પીટલ દ્વારા સંચાલીત કોલેજ ઓપીડી સીદસર ખાતે આજે તા.૧૨ને શુક્રવારે સાંજે ૪ થી ૬ સંધિવા, ગઠીયો વા કમરના દુખવા, મણકા દબાવા જેવા રોગોના દર્દીઓ માટે સારવાર તદ્દન વિનામૂલ્યે કરવામાં આવશે.

### આજે સંત સેવારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

ભાવનગર સદગુરૂ શહેનશાહ સાંઇ સંતરામદાસ સાહેબના ૧૯માં અને અમર શહિદ સંત કંવરરામ સાહેબના મહોત્સવ નિમીત્તે સંત કંવરરામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા આજથી ત્રિ-દિવસીય ધર્મોત્સવ ઉજવાશે. આજે પાઠસાહેબ, ધુનીસાહેબ, સાંજે ૭ કલાકે આરતી, રાત્રે ૯ કલાકે ભજન-કિર્તન અને રાત્રે ૧૦ કલાકે સંત વાસુરામ બાલકમંડળી દ્વારા સત્સંગ યોજાશે. આવતીકાલે તા.૧૩ને બુધવારે સવારે ૮ કલાકે આશાદિવાર,કિર્તન, સાંજે ૭ કલાકે આરતી, રહિરામ સાહેબ, સત્સંગ, ભજન-કિર્તન, રાત્રે ૧૦ કલાકે બાલક મંડળી દ્વારા કાર્યક્રમ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. તા.૧૪ ને સવારે ૯ કલાકે ગુરૂવાણી-સત્સંગ, સવારે ૧૧ કલાકે અખંડ પાઠસાહેબ અને આમ ભંડારો, રાત્રે ૯ કલાકે ભજન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તો ધર્મપ્રેમી જનતાએ હાજરી આપવા જાહેર અનુરોધ કરાયો છે.

### વિજ્ઞાનનગરીમાં નાના-મોટા માટે વિજ્ઞાનસફર કાર્યક્રમ

બળવંત પારેખ વિજ્ઞાનનગરીમાં ૧૦૦થી વધુ સાયન્સ મોડેલ, ૩ ડી ફિલ્મ, જીવ વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, ગણિત પ્રયોગશાળા, બ્રેઇનજીમ જેવા અલગ અલગ પઝલ ગણિતના કોયડાઓ દ્વારા વિજ્ઞાન સફર કરાવવામાં આવશે. ઉપરાંત નવરાત્રિના તહેવારો દરમિયાનમાં એજયુકેશનલ ફિલ્મ શોનુ આયોજન ટોકન દરે કરેલ છે.

### સર ટી. હોસ્પીટલમાં પ્રસૂતાને શેરા વિતરણ

પરમાર્થ ફાઉન્ડેશન દ્વારા આજે સ્વ.શાંતિલાલ આર ભટ્ટના સ્મરણાર્થે ડો.પરીમલભાઇ ભટ્ટના પરિવાર તરફથી સર ટી.હોસ્પીટલના ગોપનાથ મેટરનીટી હોમના પ્રસૂતા બહેનોને શુધ્ધ ઘીનો શેરોનુ વિતરણ કરવામાં આવશે. જે કોઇ નગરજનો આ સેવામાં લાભ લેવા ઇચ્છતા હોય તો ૨૫૨૦૧૦૦ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

### ભાવનગરના સિનીયર સિટીઝનોની તરણ સ્પર્ધામાં સિધ્ધિની

તાજેતરમાં શહેરના નિલમબાગ સ્વીમીંગ પુલ ખાતે યોજાયેલી ખેલ મહાકુંભની તરણ સ્પર્ધામાં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાના નિવૃત સિનિયર કર્મચારી મહાસુખભાઇ પારેખએ ૬૦ થી વધુના વયજુથમાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ તરણ સ્પર્ધામાં બીજા ક્રમે અને ૫૦ મીટરની તરણ સ્પર્ધામાં ત્રીજા ક્રમે રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવીને રાજય કક્ષાની રમત માટે પસંદગી પામીને ભાવનગર અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાનું ગૌરવ વધાર્યુ છે. તેજ રીતે આ સ્પર્ધામાં ૫૦ મીટરની તરણ સ્પર્ધામાં રેલવેના નિવૃત સિનિયર કર્મચારી યશવંતરાય જે. ભટ્ટએ ૬૦ થી વધુ વયજુથના ગૃપમાં પ્રથમ ક્રમાંક સાથે રોકડ પુરસ્કાર,પ્રમાણપત્ર મેળવીને રાજય કક્ષા માટે પસંદગી પામીને ભાવનગરનું ગૌરવ વધાર્યુ છે.

### કાલે સૌરાષ્ટ્ર ચેમ્બર કોમર્સની રીજીયોનલ કાઉન્સીલની બેઠક ભાવનગર ખાતે મળશે

ભાવનગર ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાજયની અન્ય ૯ ચેમ્બરોની રીજીયોનલ કાઉન્સીલની રચના કરાઇ છે.સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના યજમાનપદે રીજીયોનલ કાઉન્સીલની મીટીંગ આવતીકાલે તા.૧૩ને શનિવારે બપોરે ૧૨ કલાકે શહેરની ઇસ્કોન કલબ ખાતે યોજાશે. જેમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સહિત સુરત, રાજકોટ, સુરેન્દ્રનગર અને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ દ્વારા વેપાર ઉદ્યોગને લગતા પ્રશ્નોની ચર્ચા કરાશે.

## ભાવનગરના શ્રેષ્ઠીઓ દ્વારા શહિદોના પરિવારજનોને ૨.૨૦ લાખની સહાય

ભાવનગર,શુક્રવાર

દેશનું રક્ષણ કરતા શહિદ થતા સૈનિકોના પરિવારોને સહાય એ જ સાચી દેશ સેવા,દેશ સેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને ભાવનગરની સંસ્થા શહિદ સૈનિક પરિવાર સહાય ટ્રસ્ટ ખરા અર્થમાં ચરિતાર્થ કરી રહેલ છે.

એસબીએસ પરિવાર અને ભાવનગરના શ્રેષ્ઠીઓ દ્વારા દર મહિને શહિદ સૈનિક પરિવાર સહાય કરવા શહીદ સૈનિક પરિવાર સહાય ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે. આ દાન દ્વારા શહિદી પામેલા સૈનિકોના પરિવારોને સહાય ચૂકવે છે. તેમાં સપ્ટેમ્બર માસમાં કુલ રૂા.૨.૨૦ લાખની સહાય અપાઇ હતી.

સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર પરિવાર અને ભાવનગરના શ્રેષ્ઠીઓ દ્વારા શહીદ સૈનિકોના પરિવારને આર્થિક સહાય કરવા શહિદ સૈનિક પરિવાર સહાય ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે. ભાવનગરના વ્યકિતઓ દ્વારા રૂા.૩૦ થી માંડીને રૂા.૫૦૦૦ સુધીની સહાય આ ટ્રસ્ટમાં પ્રતિમાસ કરવામાં આવે છે.

આ રીતે એકઠી થતી રકમ દર માસની ૧૦મી તારીખ શહીદ સૈનિકના માતા,પત્નીના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે. સપ્ટેમ્બર માસની રકમ રૂા. ૨,૨૦,0000 બી.એલ મીના જોઇન્ટ કમીશનર ઇન્કમ ટેક્ષ ભાવનગર, અજીત રઘુવંશી આસીસ્ટન્ટ ડીરેકટર ઓફ ઇન્કમ ટેક્ષ (ઇન્વેસ્ટીગેશન), અજયભાઇ વી.મહેતા સીનીયર ઇન્કમ ટેક્ષ કન્સલ્ટન્ટ, મહેન્દ્રસિંહ કે.ગોહિલ, રાજુભાઇ શેઠ સીએ, તથા જનાર્દનભાઇ ભટ્ટ વિગેરેની હાજરીમાં શહીદ સૈનિકોના પરિવારોના એકાઉન્ટમાં જમા કરાવવામાં આવી છે.

## યુનિ.ના કોન્ટ્રાક્ટ આધારિત કર્મીઓને નોકરી પર પરત લેવા રજુઆત

ભાવનગર, શુક્રવાર

ભાવનગર યુનિવર્સિટીમાં ૧૧ માસના કોન્ટ્રાક્ટ આધારિત ફરજ બજાવતા કર્મચારી રાકેશ વાળા અને મનિશભાઇ ચૌહાણે યુનિ.ના કાર્યકારી કુલપતિને રજૂઆત કરી છે કે ફરજ પરથી છૂટા કરી દીધા બાદ આ વર્ષે માર્ચ માસમાં આંદોલન કર્યુ હતુ અને ત્યાર બાદ સમાધાનની ફોર્મ્યુલા મુજબ નોકરી પર ચાલુ રાખવામાં આવશે તેવી ખાત્રી અપાતા તેમણે આંદોલનનો અંત લાવી પારણા કર્યા હતા. ત્યારબાદ કોન્ટ્રાક્ટ બદલાતા ઉક્ત કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કર્યા છે. આ બાબતે યોગ્ય કરવા રજૂઆત કરાઇ છે અને જો યોગ્ય નહીં કરવામાં આવે તો ૨૨ ઓક્ટોબરથી આંદોલનની ચીમકી અપાઇ છે. આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, અનુસુચિત જાતીના કર્મચારીઓ તેમની રજુઆતમાં તેમ પણ જણાવ્યુ છે કે,તેઓ સફાઇ કામ કરી રહ્યા છે તેઓને રૂા.૮૫૦૦નો પગાર ચૂકવવા કલેકટરે હુકમ કરેલો છે તે હુકમનો અમલ થતો નથી તેમ જણાવ્યું હતુ.

જે તે સમયે ભાવ.યુની. સામે ઉક્ત કર્મચારીઓ ઉપવાસ આંદોલન કરી રહયા હતા ત્યારે ઘણા રાજકીય આગેવાનો, વિધાર્થી સંગઠનો દ્વારા ટેકો જાહેર કરાયો હતો.

## રેલ્વેતંત્ર દ્વારા રેલ્વે સ્ટેશન પર પ્લાસ્ટીક ક્રશર મશીન ગોઠવાયું

ભાવનગર, શુક્રવાર

રેલ્વેતંત્ર દ્વારા ભાવનગર પરામાં આવેલ રેલ્વે સ્ટેશન તથા સમગ્ર સંકુલને પ્લાસ્ટીક ફ્રી અને સ્વચ્છ રાખવા માટે સ્ટેશન પર ઓટોમેટીક પ્લાસ્ટીક ક્રશન મશીન ફીટ કરવામાં આવ્યું છે. પ્લાસ્ટીકની બોટલ, ગ્લાસ સહિતની પ્લાસ્ટીકની વસ્તુઓ આ ક્રશરમાં નાંખતાની સાથે સમગ્ર વસ્તુનો બારીક કતરણ થઈ જાય છે. આ મશીનના લોકાર્પણ સમયે ભાવનગર રેલ્વે ડીવીઝનના રૂપાશ્રી નિવાસ, રાકેશ રાજપુરોહિત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સીબીએસઇ દ્વારા ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા ફેબ્રુઆરીમાં લેવાશે

ભાવનગર, શુક્રવાર

સીબીએસઇનાં નોટિફિકેશન પ્રમાણે ધોરણ ૧૦નાં ૨૪ વિષયો અને ધોરણ ૧૨નાં ૪૨ વિષયોની પરીક્ષા આગામી ફેબ્રુઆરી માસમાં લેવાશે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ફેબ્રુઆરી માસન ત્રીજા અઠવાડિયાથી શરૂ થશે. માર્ચનાં અંત સુધીમાં બોર્ડની પરીક્ષા પૂર્ણ થશે. જો કે હજી બોર્ડની પરીક્ષાનું શિડ્યુલ અને તારીખ બહાર પાડવામાં આવ્યા નથી. સીબીએસઇ બોર્ડની પરીક્ષાનો અંતિમ કાર્યક્રમ થોડા સમયમાં જાહેર કરાશે.તેમ જાણવા મળી રહ્યું છે.

સીબીએસઇ દ્વારા વર્ષ ૨૦૧૯ની ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં મોટા ફેરફારો કર્યા છે. બોર્ડ ધોરણ ૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષાનાં પ્રશ્નપત્રનાં મૂળમાં ફેરફાર કરી પ્રશ્નોની સંખ્યામાં ઘટાડો કર્યો છે. માટે પહેલાનાં વર્ષોની સરખામણીએ વિદ્યાર્થીઓએ ઓછા સવાલોનાં જવાબ આપવાનાં રહેશે. હવે વિદ્યાર્થીઓએ ૪૦ની જગ્યાએ ૩૫ સવાલોનાં જવાબો આપવાનાં રહેશે. પેપરમાં ૫ મલ્ટિપલ સવાલો હશે. સીબીએસઇ દ્વારા કરવામાં આવેલા ફેરફારો માત્ર આ જ વર્ષ માટે જ લાગુ કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ અંગ્રેજીનાં પેપરમાં પહેલા ૪૦ મુખ્ય સવાલોના જવાબો આપવાનાં રહેતા હતા. સીબીએસઇ દ્વારા કરવામાં આવેલા ફેરફારો બાદ હવે સેકશન-એમાં રીડિંગમાં માત્ર બે જ ફકરા રાખ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

## નંદકુંવરબા મહિલા કોલેજ માં નવરાત્રિ મહોત્સવ ઉજવાયો

ભાવનગર, શુક્રવાર

ભાવનગર શહેરના દેવરાજનગર-૨ વિસ્તારમાં આવેલ નંદકુંવરબા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ માટે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ખાસ કરીને ગઇકાલે ભાવનગર શહેરના જવાહર મેદાન ખાતે અત્યાધુનિક ઓરકેસ્ટ્રાના સથવારે નવરાત્રી રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ટ્રેડીશ્નલ વસ્ત્રો સાથે કોલેજની બહેનોએ અવનવા સ્ટેપ સાથે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.નંદકુંવરબા મહિલા કોલેજના ટ્રસ્ટી ભરતસિંહ ગોહિલ, રવિન્દ્રસિંહ સરવૈયા તથા કોલેજના પ્રોફેસરો અને સ્ટાફે સારી જહેમત ઉઠાવી હતી કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## નાગરિક સહકારી બેંકના ચેરમેન પદે જીતુભાઇ ઉપાધ્યાયની સર્વાનુમતે વરણી

ભાવનગર, શુક્રવાર

ભાવનગર નાગરિક સહકારી બેંકમાં તાજેતરમાં સહકારી કાયદામાં આવેલ નવા સુધારા મુજબ બેંકના પેટાનિયમો સુધાર્યા બાદ થયેલ ચૂંટણી બાદના પ્રથમ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં બેંકના ચેરમેન પદે અઢી વર્ષની ટર્મ માટે જીતુભાઇ ઉપાધ્યાયની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ જ રીતે મેનેજીંગ ડિરેક્ટર પદે પ્રદિપભાઇ દેસાઇ તથા વાઇસ ચેરમેન પદે મહેન્દ્રભાઇ બારૈયાની વરણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેંકના પ્રોફેશનલ ડિરેક્ટર્સ તરીકે બેન્કીંગ ક્ષેત્રના અનુભવી માધવભાઇ માણીયા અને સહકાર ક્ષેત્રના અનુભવી અલીયારખાન પઠાણની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નિયુક્તિ કરવામાં આવી હતી. તદ્‌ઉપરાંત લોન કમિટી, એક્ઝી. કમિટી, ઓડીટ કમિટી, લોન કમિટી, સ્ટાફ કમિટી, રીકવર કમિટી, લીગલ કમિટી, સોના ધિરાણ ચકાસણી કમિટીની પણ વરણી કરાઇ હતી અને તેના ચેરમેન તરીકે અનુક્રમે મહેન્દ્રભાઇ બારૈયા, કમલેશભાઇ મહેતા, ધીરૂભાઇ કરમટીયા, પ્રવિણભાઇ પોંદા, પૂર્ણેન્દુભાઇ પારેખ અને દર્શનાબેન જોશીની વરણી તેમજ કમિટીના સભ્યોમાં ઉપરોક્ત ડિરેક્ટરો ઉપરાંત રફીકભાઇ મહેતર, ચૈતાલીબેન પટેલ, નિરૂબહેન પડાયાની વરણી કરવામાં આવી હતી. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક શરૂ થઇ તે પહેલા તમામ ડિરેક્ટરોએ સૌપ્રથમ ડોન ચોક પાસેની હેડ ઓફિસના પ્રાંગણમાં મોરારજીભાઇની પ્રતિમાને પુષ્પઅર્પણ કરી વંદન કરી બાદમાં બેંકના બિલ્ડીંગમાં પ્રવેશ કર્યો હતો. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક બાદ બોર્ડરૂમમાં જનરલ મેનેજર સહિત અધિકારીઓ, કર્મચારીઓ તેમજ શહેરના તમામ પક્ષોના અગ્રણીઓ, સભાસદ અગ્રણીઓ, શુભેચ્છકોએ આવીને નવા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.બેંકના ચેરમને જીતુભાઇ ઉપાધ્યાયે આ પ્રસંગે સૌનો આભાર વ્યક્ત કરી સૌ કોઇના સાથ સહકારથી બેંકને વધુ પ્રગતિના પંથે લઇ જવાનો નિર્ધાર કર્યો હતો.

## વેળાવદર અભિયારણની મુલાકાત લઇ પ્રાણી, પક્ષી અને પ્રકૃતિની માહિતી મેળવતા સ્કાઉટ ગાઇડ



ભાવનગર, શુક્રવાર

વિશ્વ પ્રાણી સપ્તાહની પુર્ણાહુતી પ્રસંગે ભાવનગર શહેરની ગિજુભાઇ કુમાર મંદિર, દક્ષિણામુર્તિ કુમાર મંદિર તેમજ રાજય પુરસ્કાર સ્કાઉટ-ગાઇડ દ્વારા કાળીયાર રાષ્ટ્રીય ઉધ્ન, વેળાવદર ખાતે વન-ડે શિબિરનું આયોજન કરવામાં આવેલ, આખો દિવસ સ્કાઉટ-ગાઇડને યક્ષિ દર્શન કરાવવામાં આવેલ. તેમજ કાળીયાર રાષ્ટ્રીય ઉધાનની વિશેષતા તેમજ ત્યાં થતા ચાલીસથી વધુ પ્રકારના ઘાસ અંગે માહિતી આપવામાં આવેલ, જયારે આહાર અને વિહાર કડીનું જ્ઞાન રમત દ્વારા આપવામાં આવ્યું પક્ષિ અને પ્રાણીનું મનુષ્ય જીવનમાં અને પર્યાવરણ મા શું મહત્વ છે તે અંગેની માહિતી મહેશભાઇ ત્રિવેદી એ.સી.એફ વેળાવદર દ્વારા બાળકોને આપવામાં આવેલ તેમજ પ્રકૃતિ અને પર્યાવરણને જોડતી રમતો રમાડવામાં આવી ટ્રેકીંગ દરમ્યાન પશુ પક્ષિના ફુડ પ્રિન્ટની માહિતી અને જાણકારી આપવામાં આવી અભિયારણ સ્થ્ત એક્ઝીબીશનનો પણ સ્કાઉટ-ગાઇડ લાભ લીધો સમગ્ર શિબિર દરમ્યાન ફોરેસ્ટ વિભાગના જવાબદાર અધિકારીઓ, કર્મચારીઓએ સાથસહકાર આપ્યો હતો.

## ભાવનગર પંથકમાં સ્વાઇન ફ્લુથી વધુ એક આધેડનું મોત નિપજતા મૃત્યુઆંક ૧૧એ પહોંચ્યો

ભાવનગર, શુક્રવાર

ભાવનગર શહેર જિલ્લામાં સ્વાઇન ફ્લુનો રોગચાળો વધી રહ્યો છે તેની સામે આરોગ્યતંત્ર દ્વારા પણ સ્વાઇન ફ્લુને કાબુમાં લેવા દોડધામ કરી રહ્યું છે. ભાવનગર શહેરની સરકારી સર ટી.હોસ્પિટલમાં સ્વાઇન ફ્લુની સારવાર લઇ રહેલ ૪૫ વર્ષિય આધેડનું સારવાર દરમ્યાન મોત નિપજતા કુલ આંક ૧૧નો થવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહુવા ગામે રહેતા ૪૫ વર્ષિય આધેડને ગત તા.૨૮-૯-૨૦૧૮ના રોજ સ્વાઇન ફ્લુ વોર્ડમાં દાખલ કરવામાં આવેલ. જ્યાં ગઇકાલે બપોરના સમયે તેનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું આ મોત સાથે કુલ મૃતાંક ૧૧નો થયો છે. શહેરના એક ખાનગી નર્સીંગ હોમમાંથી આધેડ તથા અન્ય એક દર્દીને સ્વાઇન ફ્લુની અસર હેઠળ સ્વાઇન ફ્લુ વોર્ડમાં દાખલ કરવામાં આવતા હાલ ૧૪ દર્દીઓ સારવાર લઇ રહ્યાં છે. ઉપરાંત બે દર્દીઓના લેબ રીપોર્ટની રાહ જોવાઇ રહી છે.

ભાવનગર પંથકમાં સ્વાઇન ફ્લુએ ભરડો લેતા શહેર જિલ્લાના આરોગ્ય તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે. તંત્ર દ્વારા લોક જાગૃતિ અને રોગચાળાને કન્ટ્રોલ કરવા પગલા ભરવામાં આવી રહયા છે.

## રાજયકક્ષાના કલા મહાકુંભની પ્રાચીન ગરબા સ્પર્ધામાં કાળાતળાવના કલાકારોની સિધ્ધિ

ભાવનગર, શુક્રવાર

ભાવનગરના ભાલ પંથકના કાળાતળાવ ગામે આવેલ જય બહુચરાજી શકિત ચેરીટેબલ ટ્રસ્ટ વર્ષોથી ગુજરાતના લોકનૃત્યો અને લોક સંસ્કૃતિને જાળવી રાખવાનું કાર્ય અવીરત પણે કરી રહ્યું છે તે કાર્યોમાં ઉમેરો કરતાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના ઉપક્રમે યોજાયેલ રાજય કક્ષા કલામહાકુંભ ૨૦૧૮ હેમુ ગઢવી નાટયગૃહ રાજકોટ ખાતે યોજાયેલ જેમાં જય બહુચરાજી શકિત ચેરીટેબલ ટ્રસ્ટના બહેનોએ પ્રાચીન ગરબા સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજયમાં તૃતિયસ્થાન પ્રાપ્ત કરેલ છે અને ભાવનગરનું ગૌરવ વધારેલ છે.

## બોટાદ પંથકમાં પશુ-પક્ષીઓની સારવાર માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સનો શુભારંભ

બોટાદ, શુક્રવાર

ગુજરાત સરકારની આરોગ્ય વિભાગની ૧૦૮ સેવાની જેમ જ જીવીકે ઇ.એમ.આર.આઇ. મારફત પીપીપી મોડેલથી અકસ્માતનો ભોગ બનેલ ઇજાગ્રસ્ત પશુ-પક્ષીઓની તથા ઇમરજન્સી કેસોની સારવાર માટે ૨૬ જીલ્લાઓમાં કરુણા એનીમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ નું તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા સ્વર્ણીમ સંકુલ -૧ નવા સચીવાલય ગાંધીનગર ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. જે અંતર્ગત બોટાદ જિલ્લામાં બોટાદ પશુ દવાખાના ખાતે તા. ૧૦, ઓકટોબરના રોજ જિલ્લા વિકાસ અધિકારી આશિષ કુમારના હસ્તે બોટાદ જિલ્લાના બીન વારસી પશુ - પક્ષીઓ તેમજ રેઢીયાર પશુઓના ઇમરજન્સી કેસોની સારવાર માટે લીલી ઝંડી ફરકાવી કરુણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ પશુપાલન નિયામક ડો. આર.એ. વાળાએ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ૧૯૬૨ ની ઉપયોગીતાની માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં મદદનીશ પશુપાલન નિયામક ડો. જે. કે. પટેલ તથા જિલ્લાના તમામ પશુચિકિત્સા અધિકારીઓ અને પશુધન નિરીક્ષકો તથા તમામ સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

## ખેલમહાકુંભમાં કુમારશાળાના નરેશ જંપ સ્પર્ધામાં પ્રથમ

ભાવનગર, શુક્રવાર

તાજેતરમાં ખેલમહાકુંભની જુદી-જુદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં જુદી-જુદી શાળાના વિધાર્થીઓ અલગ-અલગ સ્પર્ધામાં ભાગ લે છે. જેમાં કુમારશાળાના વિધાર્થીએ જંપ સ્પર્ધામાં જિલા કક્ષાએ પ્રથમ અને ચક્ર ફેંક તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે. અને શાળાનું ગૌરવ વધારેલ છે.

ભાવનગર શહેરના નિલમબાગમાં આવેલ કુમારશાળા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ રમતોત્સવમા ભાગ લીધો હતો. જેમાં બાબરીયા નરેશ ત્રિપલ જંપમાં જિલ્લા કક્ષાએ પ્રથમ અને સોલંકી હર્ષિલ ચક્ર ફેકમા જિલ્લા કક્ષાએ તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરતા બંન્ને ખેલાડીઓ રાજ્ય કક્ષાએ રમવા જશે. શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય અને સમગ્ર શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## મોટી વડાળના અનુજાતિના વ્યક્તિને સહાય મળતા ઘરનું સ્વપ્ન સાકાર થયું

ભાવનગર, શુક્રવાર

રાજ્ય સરકાર ગરીબો, વંચિતો, પીડિતો, શોષિતો ની સાથે હર હંમેશા રહીને તેની વ્યથાને દૂર કરવાના ભાગરૂપે અનેક યોજનાઓને અમલી બનાવી રહી છે. આવી જ એક મહત્ત્વાકાંક્ષી અને અનુસુચિત જાતિના લોકોના ઘરનું ઘર નું સ્વપન સાકાર કરતી યોજના એટલે ડો. આંબેડકર આવાસ યોજના. આ યોજના થકી રાજ્યમાં હજ્જારોની સંખ્યામાં અનુસુચિત જાતિના લોકોને પાકું મકાન બનાવવા માટે સહાય આપવામાં આવી છે

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં મોટી વડાળ ગામે રહેતાં અનુસુચિત જાતિના બગડા પ્રકાશભાઈ હમીરભાઈ ની કે જેમની પાસે મોટી વડાળ ગામે કાચું મકાન હતુ તેઓનું એક સ્વપન હતું કે ગામના અન્ય લોકોની જેમ તેમનું પોતાનું પણ પાકું મકાન હોય તેમણે આ વાત ગામના તલાટી કમ મંત્રી ને કહેતાં તેમણે પ્રકાશભાઈ ને મહુવા તાલુકા પંચાયત માં સમાજ કલ્યાણ નિરીક્ષક પાસે લઈ જઈ સમગ્ર વિગતો જણાવી. સમાજ કલ્યાણ નિરીક્ષક એ બગડા પ્રકાશભાઈને ડો. આંબેડકર આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૭૦ હજારની સહાય પાકું મકાન બનાવવા માટે મળે છે તેમ જણાવતાં પ્રકાશભાઈની ખુશીનો પાર ન રહ્યો. સમાજ કલ્યાણ નિરીક્ષક તેમજ તલાટી કમ મંત્રી બંન્ને એ સાથે મળી અને બગડા પ્રકાશભાઈ ને નિયત નમુનામાં અરજી કરાવી પાકું મકાન બનાવવા માટે સહાય ચુકવવા સક્ષમ અધિકારીને આ અરજી ભલામણ સાથે મોકલી આપી.

બગડા પ્રકાશભાઈ ને તા. ૨૯/૧/૨૦૧૮ ના રોજ પહેલાં હપ્તાના સહાય સ્વરૂપે તેમના બેંકના ખાતામાં રૂા. ૧૭,૫૦૦ જમા કરવામાં આવ્યા પ્રકાશભાઈએ પાકું મકાન બનાવવાની શરૂઆત કરી મકાનનું કામકાજ પૂર્ણ થતાં તેમને નિયમ અનુસાર તા.૧૧/૬/૨૦૧૮ ના રોજ રૂા. ૪૨,૦૦૦ તથા તા.૧૪/૯/૨૦૧૮ ના રોજ રૂા.૧૦,૫૦૦ સહાય સ્વરૂપે ચુકવણી રૂપે તેમના બેંકના ખાતામાં જમા કરવામાં આવી.

આમ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં મોટી વડાળ ગામે રહેતાં અનુસુચિત જાતિના બગડા પ્રકાશભાઈ હમીરભાઈ ને રાજ્ય સરકારની ડો. આંબેડકર આવાસ યોજના અંતર્ગત રૂા. ૭૦ હજારની સહાય મળવાથી તેમના ઘરનું ઘર નું સ્વપન સાકાર થયેલ છે.